# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧/૨/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસું,

(સેક્રેટરી જનરલ)

---

## કેન્દ્ર સરકારે જાહેર કરેલા વચગાળાના બજેટને ચેમ્બરે આવકાર્યું

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી હેતલ મહેતા અખબારી યાદીમાં જણાવે છે કે, ભારત સરકારના કાર્યકારી નાણામંત્રી શ્રી પીયુષ ગોયલ દ્વારા આજરોજ જાહેર કરવામાં આવેલા વચગાળાના બજેટમાં ખેડૂતો, કરદાતાઓ, મહિલાઓ, શ્રમિકો, યુવાનો અને ખાસ કરીને મધ્યમ વર્ગને પૂરેપુરા રાજી કરવાના પ્રયાસ કર્યા છે. કરદાતાઓને છપ્પરફાડ રાહત આપી છે તો બીજી તરફ મજૂરોને પણ બમ્પર ફાયદો થાય તેવી જાહેરાતો કરી છે. સરકારે આવકવેરા મુક્તિની મર્યાદામાં બમણો વધારો કર્યો છે. સરકારે આવકવેરા મુકિત મર્યાદા રૂપિયા અઢી લાખથી વધારીને સીધી રૂપિયા પાંચ લાખ કરી દીધી છે. હવે રૂપિયા ૧.૫૦ લાખ સુધી વિવિધ ટેક્સ સેવિંગ રોકાણ કરવાથી રૂપિયા ૬.૫૦ લાખ સુધીની ગ્રોસ આવક ધરાવતા પગારદારને કોઇ જ ટેક્સ ભરવો પડશે નહી જે ખુશીની વાત છે.

ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીની વાત કરીએ તો આ વચગાળાનુ બજેટ હોવાથી તેમાં ઉદ્યોગો માટે કોઇ ખાસ જાહેરાત કરવામાં આવી નથી. જો કે શ્રમિકો માટે બોનસ, પેન્શન અને વીમા રકમમાં વધારાની જાહેરાત આવકારદાયક છે. રૂપિયા બે કરોડ સુધી કેપીટલ ગેઇન મેળવતા કરદાતાઓને લાભ મળશે. આ ઉપરાંત આવકવેરા રિટર્નની ઓનલાઇન સ્ક્રુટીની તેમજ ઝડપી રિફંડ સહિતના પગલાની પણ સરકારે બજેટમાં જાહેરાત કરી હતી.

અત્યાર સુધી મુદ્રા યોજના હેઠળ ૫ કરોડથી વધુ લોન આપવાની જાહેરાત કરવામાં આવી છે, જે સ્વરોજગાર મેળવનારા સ્ટાર્ટઅપ્સ માટે સારી બાબત છે. આ ઉપરાંત બજેટમાં સ્ટાન્ડર્ડ ડિડકશન મર્યાદા વર્તમાન રૂપિયા ૪૦ હજાર વધારીને રૂપિયા ૫૦ હજાર કરવામાં આવી હતી, જે પણ આવકારદાયક છે.